

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## પાલનપુર સિવિલમાં સ્વાઈન ફ્લુના પગલે ધારાસભ્યની ઓચિંતી મુલાકાત

સમગ્ર રાજ્ય સહિત દેશના જુદા જુદા રાજ્યોમાં સ્વાઈન ફ્લુ નામના ભયાનક રોગચાળાએ અનેક લોકોના ભોગ લીધો છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ ત્રણથી વધુના મોત સ્વાઈન ફ્લુથી નોંધાયા છે. પરિણામે પાલનપુરના કોંગ્રેસના આગેવાન અને ધારાસભ્ય મહેશભાઈ પટેલે પાલનપુર સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લેતા સિવિલ સર્જન ડૉ. એસ. એન. પટેલ અને સ્ટાફ સ્તબ્ધ બની ગયા હતા અને બાદમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ માટે બનાવેલ સ્પે. વોર્ડમાં માસ્ક લગાવી રાઉન્ડ લીધો હતો અને હોસ્પિટલની વ્યવસ્થા અંગે ચર્ચા કરી હતી.

# મહાદેવગ્રામમાં શંકાસ્પદ સ્વાઈન ફ્લુથી એકનું મોત

મોડાસા, તા. ૨૨

મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ)ના શંકાસ્પદ સ્વાઈન ફ્લુથી એક વ્યક્તિનું મોત થતા મહાદેવગ્રામ અને આજુબાજુના ગામોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. મહાદેવ ગ્રામ (બાકરોલ) ના માળ વિસ્તારમાં રહેતા પ્રવીણસિંહ સિસોદિયા (ઉં.વ.૪૦) કે જેઓ વ્યવસાયે ખેડૂત હતા તેમને છેલ્લા ત્રણ ચાર દિવસથી તાવ, શરદી અને ઝાડાની તકલીફથી પીડાતા હતા. આથી તેમને વધુ સારવાર અર્થે નજીકના મોડાસા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. પરંતુ મોડાસા સિવિલ ખાતે આ દર્દીને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવા જણાવ્યું હતું. ત્યાર બાદ અમદાવાદ સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતા ત્યાં સારવાર દરમિયાન આ ખેડૂતનું મોત થયું હતું. મોતના સમાચારની પરિવારમાં શોકાતુર થઈ ગયો હતો. પરિવારજનોના જણાવ્યાનુસાર મૃતકનો મૃતદેહ પોતાના વતનમાં લઈ જવા માટે અમદાવાદ સિવિલમાંથી મનાઈ કરવામાં આવી હતી અને અમદાવાદ ખાતે જ અંતિમ વિધિ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા આજુબાજુના વિસ્તારમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો અને આરોગ્યતંત્રએ મહાદેવગ્રામમાં જરૂરી સર્વેની કામગીરી હાથ ધરી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં ત્રણ અકસ્માતોમાં એકનું મોત : બે ને ઈજાઓ

પાલનપુર પંથકમાં આજે જુદા જુદા સ્થળોએ ત્રણ માર્ગ અકસ્માત સર્જાયા હતા. જેમાં એકનું મોત નિપજ્યું હતું. પાલનપુર નજીકના આકેડી ગામના કમલેશ માજીરાણા જીપમાં મામેરૂ લઈ મલાણા ખાતે જઈ રહ્યા હતા ત્યારે માર્ગ પરના વળાંકમાં મેક્સના ચાલકે ધડાકાભેર ટક્કર મારતા રસ્તો ઓળંગી રહેલા માસુમ બાળકનું ઘટનાસ્થળે ગંભીર ઈજાઓ થતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે અન્ય બે અકસ્માતમાં બાઈક સવાર અશોક મકવાણા અને લાલજીભાઈ પટણીને ઈજાઓ થવા પામી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.



૨૨ જાન્યુઆરી પોલિયો રસીકરણના અભિયાન હેઠળ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં પોલિયો રસીકરણ અભિયાન હેઠળ મોડાસા તાલુકાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા મોડાસા શહેર અને મોડાસા તાલુકાના ગામડાઓમાં ૨૬૦૦૦ થી વધારે બાળકોને પોલીયોના બે બુંદ પિવડાવવામાં આવ્યા હતા. તાલુકા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ત્રણ દિવસ પોલિયો રસીકરણના અભિયાન હેઠળ રવિવારના દિવસે બાળકોને બુથ ઉપર અને પછીના બે દિવસ સુધી આરોગ્ય કર્મચારીઓ તેમના એરિયામાં ડોર ટુ ડોર સંપર્ક શાધી જરૂરમંદ બાળકોને પોલિયોનો ડોઝ પુરો પાડવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા ઉભો કરાયેલા બુથો પર સ્વાઈન ફ્લુ સામે રક્ષણ મેળવવા અને જાગૃતિ અંતર્ગત પત્રિકાઓ આપવામાં આવી હતી. (તસવીર : જય અમીન મોડાસા)

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે
રવિવારે
ફોન : ૨૩૨ ૨૨૫૭૧
ફોન : ૨૩૨ ૩૭૫૭૧

## વડાગામની મહિલા પ્રાઈમસમાં ભડકો થતા ગંભીર રીતે દાઝી

વડાગામ, તા. ૨૨

ધનસુરા વડાગામની મહિલા રસોઈઘરમાં દીવો સળગાવી રહી હતી ત્યારે નજીકમાં પડેલો પ્રાઈમસ અચાનક સળગી ઉઠતા દાઝી ગઈ હતી.

વડાગામ ગામે પુલના છેડે આવેલા વિસ્તારમાં રહેતા નર્મદાબેન જગાભાઈ ઠાકોર બુધવારની રાત્રીએ ઘરના રસોડામાં દીવો સળગાવી રહ્યા હતા ત્યારે બાજુમાં જ પડેલ ચાલુ પ્રાઈમસમાં આકસ્મિક રીતે ભડકો થતા આ મહિલા શરીરે દાઝી ઉઠી હતી. પરિવારજનોએ તાબડતોબ આ મહિલાને સારવાર અર્થે ધનસુરાના સરકારી દવાખાને ખસેડ્યા હતા. શરીરે વધુ પડતા દાઝી જતા મહિલાને અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવી હતી.

## અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા પર વિજય બાદ ક્રિકેટ ચાહકો દ્વારા ઉજવણી

અમદાવાદ,તા. ૨૨

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે રમાયેલી વર્લ્ડકપની મેચમાં દક્ષિણ આફ્રિકા પર ૧૩૦ રને જીત મેળવ્યા બાદ જોરદાર ઉજવણી અમદાવાદના ક્રિકેટ ચાહકો દ્વારા પણ કરવામાં આવી હતી. ચાહકો ઉજવણી કરવા જાહેર રસ્તા ઉપર આવી ગયા હતા. ફટાકડા પણ ફોડવામાં આવ્યા હતા. રવિવાર હોવાના કારણે વધારે ઉત્સાહ રહ્યો હતો. દક્ષિણ આફ્રિકાને ૧૩૦ રને હાર આપીને તેની સામે વર્લ્ડકપમાં જીત નહીં મેળવવાની દુવિધાને પણ ભારતે આજે દૂર કરી હતી. અમદાવાદમાં મેચ પુરી થયા બાદ જુદા જુદા વિસ્તારોમાં રહેતા ચાહકો મેદાનમાં આવી ગયા હતા અને દક્ષિણ આફ્રિકા સામેની જીતની ઉજવણીમાં લાગી ગયા હતા. ઘણી જગ્યાઓએ ફટાકડા પણ ફોડવામાં આવ્યા હતા. ચાહકો ભારે ઉત્સાહિત દેખાયા હતા. વર્લ્ડકપમાં પ્રથમ મેચ પાકિસ્તાન સામે જીત્યા બાદ આજે સતત બીજી જીત મેળવી હતી. સતત બીજા રવિવારે ચાહકોને ઉજવણીની તક મળી ગઈ હતી. સવારથી જ ભારે ઉત્સુકતા જોવા મળી હતી. રવિવારનો દિવસ હોવાથી ચાહકો વધારે રોમાંચિત દેખાયા હતા અને ટીવી ઉપર જામેલા રહ્યા હતા. એક એક વિકેટ અને ભારતના એક એક રનની રોમાંચકતાપૂર્વક નોંધ લેવામાં આવી હતી.

# ઉનાળો આવતા જ પાણીના કકળાટ ટાળવા અરવલ્લી જિલ્લા પાણી પૂરવઠા તંત્ર બંધ હેન્ડ પમ્પની મરામત શરૂ કરાઈ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં વરસાદ પુરતા પ્રમાણમાં ન વરસતા ગ્રામ્ય વિસ્તારોમાં અને ખાસ કરીને ડુંગરાળ વિસ્તારમાં પાણીના તળ ઉંડા જતાં અરવલ્લી જિલ્લાના પ્રજાજનોને ઉનાળાની સીઝનમાં પાણીની તંગી નિવારવા માટે ગ્રામ્ય વિસ્તારમાં આવેલા હેન્ડ પમ્પની મરામત કરવા જિલ્લા પાણી પુરવઠા તંત્ર દ્વારા દોડધામ મચી છે.

અરવલ્લી જિલ્લામાં ઉનાળાની મોસમ શરૂ થતા જ અને ગરમી પડતાં જ ગ્રામ્ય વિસ્તારોમાં પાણી માટે બૂમાબૂમ શરૂ થઈ જતી હોય છે. અને વરસાદ ઓછો થવાના કારણે ગ્રામ પંચાયતોને ગામડાઓમાં પુરા પાડવામાં આવતા પાણીના જથ્થામાં કાપ મુકવાની ફરજ પડતી હોય છે અને જિલ્લાના મોટાભાગના ગામડાઓમાં અઠવાડિયામાં માંડ એક વખત પાણી મળતુ હોવાથી ગામડાઓમાં સર્જાતી પાણીની તંગી નિવારવા હેન્ડ પમ્પ મહત્વનું અંગ બની રહ્યા છે. ત્યારે આજના આધુનિક યુગમાં છેલ્લા કેટલાય સમયથી હેન્ડપંપની મહત્તા ભુલાઈ જતા અરવલ્લી જિલ્લામાં અંદાજીત ૨૦૦ થી વધુ હેન્ડ પંપ બંધ હાલતમાં જોવા મળતા હતા. પરંતુ ઉનાલાની અસર વર્તાવા લાગતાં અરવલ્લી જિલ્લા પાણી પુરવઠાતંત્ર દ્વારા એકાએક યાદ આવતા બંધ હેન્ડપમ્પની પરીથી કાર્યરત કરવાના અથાગ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લા પાણી પુરવઠા તંત્ર દ્વારા હેન્ડપંપ રીપેરીંગ કરવા માટે ૮ જેટલી જુદી જુદી ટીમો બનાવી ગામડાઓમાં ખોટકાઈ પડેલા હેન્ડપંપ રીપેર કરવા માટે કાર્યરત કરી દેવામાં આવી છે અને અરવલ્લી જિલ્લાના પ્રજાજનોને ઉનાળામાં પાણીની સમસ્યા ના નડે તે માટે ૯૨ જેટલા બંધ હાલતમાં રહેલા હેન્ડપંપોને ફરીથી શરૂ કરી દેવામાં આવ્યા હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પરંતુ હજુ પણ અરવલ્લી જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલાય હેન્ડપંપ બંધ હાલતમાં પડ્યા હોય જો આ હેન્ડપંપને રીપેર કરવામાં નહી આવે તો અંતરીયાળ ગામડના પ્રજાજનોને આગ જરતી ગરમીમાં પાણી માટે વલખા મારવાનો અને પોતાના પશુઓને ગરમીથી બચાવવા માટે ખુબ જ મોટી મુશ્કેલીઓનો સામનો કરવામાં આવશે તેવું હાલ જણાઈ રહ્યું છે.



## પ્રાંતિજમાં કામધેનુ ગૌશાળાનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ લીમલા રોડ ઉપર આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની સામે મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનું ગૌશાળા દ્વારા ગૌસેવા પ્રકલ્પ પ્રારંભ સમારોહ યોજાયો હતો. પ્રાંતિજ નજીક આવેલ લીમલા રોડ ઉપર કામધેનુ ગૌશાળા દ્વારા ગૌસેવા પ્રકલ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પુસ્તક વિમોચન તથા ગાયમાતા વિષે વિસ્તૃત માહિતી સુનિલદાસ મહારાજ દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, ચૈતન્ય શંભુજી મહારાજ, ડૉ. એન.કે. ડેરિયા, નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ડૉ. વિનોદ બબ્બર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પ્રાંતિજ તથા આજુબાજુમાંથી પણ ગૌવ પ્રેમીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## મહેસાણા જિલ્લા સંકલિત સમિતિની બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લાના વિવિધ પ્રશ્નોને આવરી લઈ તેની સમીક્ષા કરતી સંકલન સમિતિની બેઠક આજ રોજ જિલ્લા કલેકટર લોચન સેહરાના અધ્યક્ષસ્થાને યોજાઈ ગઈ. આ બેઠક સ્વાઈન ફલુ રોગની જિલ્લા કક્ષાએ સમીક્ષા કરીતેને અટકાવવા અને તે અંગે લોકજાગૃતિ સઘન બનાવવા માટે ચર્ચા કરવામાં આવી હતી. આ સિવાય સ્વચ્છ અભિયાન શૌચાલય અનો આંગણવાડી બાળકોને પોષણયુકત આહાર બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી મીના તથા વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ધનસુરામાં બુટલેગરોને પકડનાર પી.એસ.આઈ.ની રાતોરાત બદલી

વડાગામ, તા. ૨૧

વડાગામ સહિત ધનસુરા પંથકમાં બેફામ અને બિન્દાસ બનેલા બુટલેગરોને દબોચમાં લેનાર ધનસુરા પોલીસ મથકના પી.એસ.આઈ.ની રાતોરાત બદલી કરવામાં આવતા સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા મથકે ફરજ બજાવતા પી.એસ.આઈ. આર.જી. બારોટે છેલ્લા ઘણા સમયથી પોતાના વિસ્તારમાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓ મામલે અસરકારક કામગારી કરી અંકુશ મુકી દિધો હતો. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા ગેરકાયદેસર દેશી સરાબના અડ્ડાઓ પર તવાઈ લાવી દઈ બુટલેગરોની શાન ઠેકાણે લાવી દીધી હતી. આથી કેટલાક રાજકીય લોકોના ઈસારે પી.એસ.આઈ. બારોટની રાતોરાત ધનસુરા પોલીસમથકેથી બદલી કરી નાખવામાં આવી હતી. આ ઘટનાને લઈ ધનસુરા પંથકમાં નાગરિકોમાં રોષની લાગણી ફેલાઈ હોવાનું જાણવા મળ્યું હતું. પી.એસ.આઈ.ની બદલી કોના ઈશારે થઈ હોવા અંગે ધનસુરાના નાગરિકો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરનાર હોવાનું જાણવા મળ્યું છે.



ધનસુરા તાલુકાના વડાગામમાં ૨૨ જાન્યુઆરી પોલિયો રસીકરણના અભિયાન હેઠળ વડાગામ પ્રા. આરોગ્ય કેન્દ્ર દ્વારા વડાગામાં ૩ બુથ ઉભા કરી આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ૧૩૭૨ બાળકોને પોલિયોના બે બુંદ પીવડાવવામાં આવ્યા હતા. તેમજ પોલિયો રસીકરણના ત્રણ દિવસના અભિયાન હેઠળ ડોર ટુ ડોર સંપર્ક શાધી જરૂરતમંદ બાળકોને પોલિયોનો ડોઝ પીવડાવવામાં આવશે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦